ISP-90 Nari Shakti: Faqat Samanta Apurti



નારી શક્તિ : ફક્ત સમાનતા અપૂરતી


મહિલા વિભાગ,
મર્કઝ, જમાઅતે ઈસ્લામી હિન્દ, દિલ્હી

ગુજરાતી અનુવાદ :
એન્જીનીયર મુહમ્મદ ઉમર વહોરા


બે શબ્દ


સ્ત્રી સશક્તિકરણ અને નારી સ્વાતંત્ર્ય વિશે ઘણું બધું લખાયું છે. ઇસ્લામ ધર્મને સ્ત્રી બાબતે, સામાન્ય રીતે શિક્ષિત વર્ગમાં, પછાત અને જૂનવાણી વિચારસરણી- regessive ideology તરીકે જોવાય સમજાય છે. પ્રસ્તુત લેખમાળામાં જમાઅતે ઇસ્લામી હિંદના કેન્દ્રીય મહિલા વિભાગે આ મુદ્દાની વિશદ છણાવટ કરી ઇસ્લામના દ્રષ્ટિકોણને ખૂબ જ સુંદર રીતે રજૂ કર્યો છે. આશા છે, આ લેખ એક તરફ મુસ્લિમ સમુદાયમાં ઇસ્લામ બાબતે સાચી માહિતી થકી આત્મવિશ્વાસ વધારશે તો બીજી તરફ, સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળ ચલાવતી બાનુઓ, સિવિલ સોસાયટી તથા અન્ય પ્રબુદ્ધ લોકો સમક્ષ સાચું આકલન મૂકી શકાશે, જેથી પૂર્વગ્રહ ટાળી સાચી સમજ કેળવાય.

ચેરમેન,
ઇસ્લામી સાહિત્ય પ્રકાશન



અનુક્રમણિકા





નારી શક્તિ :

ફકત સમાનતા અપૂરતી

આધુનિક જમાનામાં લિંગ (સ્ત્રી/પુરુષ) એક મહત્વનો ચર્ચાનો મુદ્દો છે. અને આ મુદ્દાએ સામાજિક, રાજકીય તથા વૈજ્ઞાનિક નવા આયામો- પરિમાણો ઊભા કરી દીધા છે. શું ખરેખર પુરુષ અને સ્ત્રી સમાન છે? કોણ ચઢિયાતું છે ? શા માટે એક નારી પુરુષના સહકાર વગર નથી રહી શકતી ? શું ખરેખર પુરુષ અને સ્ત્રી વચ્ચે લગ્ન સંબંધ જરૂરી જ છે ? આ અને આવા જ કેટલાય પ્રશ્નો પ્રજામતમાં સતત ચર્ચાઈ રહ્યા છે. આ બધા પ્રશ્નો ભલે જુદા લાગતા હોય પરંતુ તે એક સમાન મુદ્દા ઉપર ચર્ચાઈ રહ્યા છે અને તે છે લિંગની સમાનતા. સ્ત્રી-પુરુષની સમાનતા. યુનાઈટેડ નેશને માર્ચની ૮ તારીખ મહિલા દિન તરીકે ઉજવવાનું ઠરાવેલ છે. અને તે દર વર્ષે જુદા જુદા મુદ્દા સાથે ઉજવવામાં આવે છે. જેમકે "પ્લાનેટ 50 - 50 by 2030"; "લિંગ સમાનતાની તરફ ઉત્થાન"; "કામના બદલાતા આયામમાં નારીનું સ્થાન"; "હવે આવી ગયો છે : નારી સમાનતાનો સમય" ; "ગ્રામ્ય અને શહેરી

કર્મશીલોઃબદલી રહ્યા છે નારીની જિંદગી" ; " સમાનતા વિચારો , બનાવો સ્માર્ટ અને બદલાવ લાવો નાવીન્યથી" ; "હું છું સમાનતાનો પોકાર : નારી હક્કોને માનતાં- સ્વીકારતાં" , વિગેરે, વિગેરે..... પરંતુ અહીં મુખ્ય પ્રશ્ન આ ઊભો થાય છે કે શું સમાનતા પૂરતી છે? સમાનતાનો મતલબ શું સરખી તકો, સરખા પગાર, સરખા હોદ્દાઓ, વારસામાં સરખો અધિકાર, વિગેરે... જ છે ? પરંતુ જ્યારે આપણે નારીનો સમાજમાં જે મહત્વની ભૂમિકા છે તે જોઈએ છીએ તો વિચારવું પડશે કે શું ફક્ત સમાનતા પૂરતી રહેશે? આ સૂત્રોના છુપા ભયસ્થાનો શું છે? આ નાનકડી પુસ્તિકામાં આજ મહત્વના મુદ્દાઓને ઇસ્લામના સંદર્ભ માં સમજવાનો પ્રયત્ન છે.

એક માણસ રસૂલુલ્લાહ સ.અ.વ. ની પાસે આવ્યો અને પૂછ્યું કે હું કોનો સૌથી વધારે ઋણી છું? આપે જવાબ આપ્યો, તારી માતાનો. જ્યારે આજ પ્રશ્ન ત્રણ વાર પૂછયો તો આપે કીધું કે તારી માતાનો અને ચોથી વાર કીધું કે તારા પિતાનો.. આ કથન થકી પયગમ્બર સાહેબ આ હકીકત પ્રસ્થાપિત કરવા માંગે છે કે : માતૃત્વ આ બધી જિંદગીની પરિસ્થિતિઓમાં સૌથી ઊંચું સ્થાન ધરાવે છે અને માતા સૌથી વધુ માનપાન અને કાળજીની અધિકારી છે. કુર્આને મજીદમાં પણ આ જ વાત જુદા જુદા શ્લોકો- આયતો દ્વારા સમજાવવામાં આવી છે.

> "અને એ હકીકત છે કે અમે મનુષ્યને પોતાના માતા-પિતાના હક્ક ઓળખવાની સ્વયં તાકીદ કરી છે. તેની માતાએ કમજોરી સહન કરીને તેને પોતાના પેટમાં રાખ્યો અને બે વર્ષ તેના દૂધ છૂટવામાં લાગ્યા (એટલા માટે અમે તેને શિખામણ આપી કે) મારો આભાર માન અને પોતાના માતા-પિતા પ્રત્યે આભાર વ્યક્ત કર, મારા જ તરફ તને પાછા ફરવાનું છે." (કુર્આન, ૩૧:૧૪)
>
> "અમે મનુષ્યને તાકીદ કરી કે તે પોતાના માતા-પિતા સાથે સદ્વ્યવહાર કરે. તેની માતાએ કષ્ટ ઉઠાવીને તેને પેટમાં રાખ્યો અને કષ્ટ ઉઠાવીને જ તેને જન્મ આપ્યો,અને તેના ગર્ભ અને દૂધ છોડાવવામાં ૩૦ મહિના લાગી ગયા. ત્યાં સુધી કે જ્યારે તે પોતાની પૂર્ણ શક્તિએ પહોંચ્યો અને ૪૦ વર્ષનો થઈ ગયો તો તેણે કહ્યું, "હે મારા રબ! મને પ્રેરણા આપ કે હું તારી તે કૃપાઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવું જે તેં મને અને મારા માતા-પિતાને પ્રદાન કરી, અને એવા સદ્કાર્યો કરૂં જેનાથી તું પ્રસન્ન થાય, અને મારા સંતાનોને પણ સદાચારી બનાવીને મને સુખ આપ, હું તારી સમક્ષ તૌબા(ક્ષમા) કરૂં છું અને આજ્ઞાંકિત (મુસ્લિમ) બંદાઓ પૈકી છું." (કુર્આન, ૪૬ : ૧૫)

સમાન શબ્દ ભલે ગમે તેટલો આકર્ષક લાગતો હોય છતાં તેની લેવડ-દેવડ દરેક વખતે શક્ય પણ નથી અને વ્યવહારૂ પણ નથી. દા. ત. જો તમારા ઘરમાં ૮૦ વર્ષના એક દાદીમા હોય, ૨૫ વર્ષનો એક યુવાન હોય અને એક નવજાત શિશુ પણ હોય, તો બધાને એકસરખો ખોરાક એકસરખી માત્રામાં આપવું મુનાસિબ નથી હોતું. દરેકની જરૂરિયાત જુદી હોય છે, અને તે મુજબ જ ખોરાક આપવો જરૂરી છે. અને અહીં જ ન્યાયની જરૂરત ઊભી થાય છે.

નારી સમાજનું અડધું અંગ છે. આ ઉકતિ સ્રીની બાબતમાં સામાન્ય રીતે પ્રચલિત છે. આપણે પહેલા કે બીજાનો પ્રશ્ન કોરાણે મૂકીએ પરંતુ બીજા અડધા અંગનું શું? એ ક્યાંથી આવે છે ? શું એ હકીકત નથી કે એક સ્રીની હિંમત અને મથામણથી જ ગમે તે લિંગનું એક બાળક આ જગતમાં અવતરે છે ? જણતરના દુઃખ-દર્દ ભૂલી જાવ, પરંતુ ગર્ભાવસ્થા અને દૂધ પીવડાવવાનો, ઉછેરનો જે તબક્કો છે તેનું શું? એ મૂંઝારો, બેચેની, અને અનિદ્રા ભરી રાતોનું શું ? શરૂઆતના સ્તનપાનમાં પડતી તકલીફોનું શું? માતાને પડતી આ માનસિક અને શારીરિક હાલાકીનો કોઈ પર્યાય નથી, કોઈ શોર્ટકટ નથી. આ મુશ્કેલીઓ અને યાતનાઓ વેઠયા પછી પણ બીજા બાળક માટે સમાન તકલીફો અને મૂંઝારો ભોગવવા એક માતાનું ફરીથી તૈયાર થવું,અલ્લાહની પ્રજાતિની સાચે જ એક અદ્ભૂત અજાયબી છે.અને માનવતાના સંરક્ષક તરફથી તેણીને એક કવચ આપી દીધું છે,જેનો તે ઇતિહાસના દરેક નાજુક તબક્કે ઉપયોગ કરી જાણે છે.

ઈસા અ.સ.ની માતા હઝરત મરિયમ, ફિર્‌ઔનની પત્ની હઝરત આસિયા, પયગંબર સ.અ.વ.ની પત્ની હઝરત ખદીજા અને રસૂલ સ.અ.વ.ની દીકરી હઝરત ફાતિમા તથા ઘણી સહાબિયા, જેમકે અબૂ અમ્મારા, અસ્મા બિન્તે અબૂબક્ર જેવી બાનુઓમાં તમે આ હિંમતને પ્રગટ સ્વરૂપે જોઈ શકો છો. ઇતિહાસના પૃષ્ઠોમાં ઘણા ઉદાહરણો આ બહાદુર બાનુઓના મળી રહે છે, જે સમાજની અંદર દુષ્ટ તત્ત્વો સામે લડી અને સત્ય તથા ન્યાયની સ્થાપનામાં અડગ ઊભી રહી. પછી તે ભારતની સ્વતંત્રની ઝુંબેશ હોય કે પેલેસ્ટાઇનનો ઇઝરાયલ વિરોધ હોય કે પછી ફાસીવાદી રાજ્યસત્તા સામેનો, બંધારણ બચાવવા માટેનો, સમાનતા તથા ન્યાય માટેનો શાહીનબાગનો સત્યાગ્રહ હોય. કેટલાક લોકો કહે છે કે આ બાનુઓએ પોતાની તાકાતનો પરચો બતાવ્યો છે,

પરંતુ જ્યારે માનવતાની સામે ખતરો ઊભો થયો હોય ત્યારે આ અસામાન્ય મજબૂતી અને અડગતાથી લડતી તેમના સ્ત્રીત્વની છૂપી તાકાત દેખાય છે.

શું માતૃત્વ ખરેખર આટલું બધું મહત્ત્વનું છે? આજના આધુનિક જમાનાની આ વરવી વિચારધારા છે. ઘણા યુવક યુવતી ગર્ભાધાનને અને બાળઉછેરને પોતાની જીવનની સ્વતંત્રતા અને કેરિયરમાં ખલેલ સમજે છે. કેટલાક વળી કહે છે કે જરૂર પડયે અમે બાળક દત્તક લઈ લેશું. કેટલાક વળી કહે છે કે આ પણ બિનજરૂરી છે.અને કેટલાક તો વળી પરણવાનો જ ઇન્કાર કરી દે છે. વળી કેટલાક ગમે તે લિંગના સાથી સાથે રહેવાની ગોઠવણ (Live in relationship) કરી લે છે, જ્યાં સુધી તેઓને અનુકૂળતા હોય. અને પછી છોડી પણ દે છે, જ્યારે તેનાથી ઉબાઈ જાય, જેમ કે મોટાભાગના કિસ્સામાં બને છે. કેટલાક વળી કોઈ પાલતુ પ્રાણી કે પક્ષીને જ પોતાના સાથી તરીકે પસંદ કરી લે છે. આ બધા જ અપ્રાકૃતિક માર્ગ છે. અને માતૃત્વની તકલીફો બલ્કે આનંદ દ્વારા જ સમાજના સાહજિક અસ્તિત્વ અને એના ભાવિ સ્વાસ્થ્યની જાળવણી શક્ય છે. માનવતાના આ મહાન હેતુને પાર પાડવા સારુ સ્ત્રીની પસંદગી કરી તેમને કેટલાક વિશિષ્ટ અધિકાર આપ્યા છે અને અલ્લાહે તેના સર્જનમાં સ્ત્રીને સૌથી ઊંચી પદવી આપી છે. પયગંબર મુહમ્મદ સ.અ.વ. દ્વારા માતાના ચરણોમાં સ્વર્ગ છે ની ઉક્તિ તેણીના સ્થાન અને દરજ્જાને યથાર્થ ઠેરવે છે. માનવી માતૃત્વના ઋણને કોઈ રીતે નથી ચૂકવી શકતો. તેથી જ તેને આ શિક્ષણ આપવામાં આવ્યું કે તે માનવીય રીતે શક્ય હોય તેટલો તેણીનો વધુમાં વધુ આદર કરે. યમનનો એક ભાઈ પોતાની માને કેડ ઉપર બેસાડી કા'બાના તવાફ-પરિક્રમા કરી રહ્યો હતો,તેના ઉદાહરણ દ્વારા આ વાત બહુ સ્પષ્ટ રીતે વર્ણવાઈ છે. પરિક્રમા-તવાફની પ્રક્રિયા દરમિયાન તેણે અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર રદિ.ને પૂછ્યું કે શું મેં મારી માનું ઋણ ચૂકવી દીધું ? તેમણે જવાબ આપ્યો કે તારા જન્મ વખતે તારી માતાએ જે પીડા ભોગવી હતી તેનો એક અંશ પણ નથી ચૂકવાયો. અહીં એક મહત્ત્વની વાત નોંધવી રહી કે ઈસ્લામ Eve- હવ્વાને મુખ્ય પાપની આરોપી નથી ઠેરવતો અને ગર્ભાધાનનું દર્દ તેના પરિણામરૂપે તેને ભોગવવું પડે છે, તે કુર્આનના શિક્ષણની બિલકુલ જ વિરુદ્ધ છે. કુર્આન ૭ સાત જગ્યા ઉપર મુખ્ય પાપનું વર્ણન કરે છે પરંતુ એક પણ જગ્યાએ ફક્ત Eve- હવ્વા ઉપર દોષારોપણ નથી કરતું.

"છેવટે શેતાને તે બન્નેને તે વૃક્ષનું પ્રલોભન આપીને અમારા આદેશ પાલનમાંથી ચલિત કરી દીધા અને તેમને એ સ્થિતિમાંથી કઢાવીને રહ્યો, જેમાં તેઓ હતા. અમે આદેશ આપ્યો કે, "હવે તમે બધા અહીંથી ઊતરી જાવ, તમે એકબીજાના શત્રુ છો અને તમારે એક નિશ્ચિત મુદત સુધી ધરતી ઉપર મુકામ અને ત્યાં જ નિર્વાહ કરવાનો છે." (કુર્આન, ૨ : ૩૬)

અહીં એ નોંધવું બહુ રસપ્રદ રહેશે કે દયા અરબીમાં "રહમા" શબ્દમાંથી આવે છે જેનું મૂળ ગર્ભાશય (રહમ) થાય છે. અબૂ હુરેરા રદિ. દ્વારા રિવાયત કરેલ એક હદીસ દ્વારા ગર્ભાશયને જે મહત્ત્વ આપ્યું છે, તે આપણને સમજવામાં ઉપયોગી રહેશે.

"જ્યારે અલ્લાહે પોતાનું સર્જન પરિપૂર્ણ કરી દીધું તો ગર્ભાશય બોલી ઊઠ્યું: આ જગ્યા ઉપર, જે મને સેવા આપી રહ્યા છે તેઓથી તારૂં શરણ શોધું છું. અલ્લાહે કહ્યું કે શું તને એ વાતનો સંતોષ નથી કે તારી સાથે જે સારા સંબંધ રાખે હું પણ તેની સાથે સારા સંબંધો રાખું છું, અને જે તારી સાથે સંબંધ વિચ્છેદ કરે એનાથી હું પણ સંબંધ કાપી નાખું છું? ગર્ભાશય બોલી ઊઠ્યું: જી મારા સ્વામી. અલ્લાહે કહ્યું : કે આ રીતે તને તે મળી જશે."

દયા ઈશ્વર-અલ્લાહનો એક અંશ ગણાય છે જેનો ઉલ્લેખ અર્રહમાન અને અર્રહીમ સ્વરૂપે કુર્આનમાં બીજા નામો કરતાં ઘણો વધુ થયો છે. સ્ત્રીની પ્રકૃતિમાં આ દયાનો જ અંશ બહુ સ્પષ્ટ રીતે તેણીને માનવતાના ઉત્થાન સારૂ ગમે તે ભોગ આપવા પ્રેરે છે. સામાજિક ન્યાય અને બદલાવના પ્રેરણા સ્રોત સ્વરૂપે તેની રચના થઈ છે. સ્ત્રીત્વની આ મૂળભૂત તાકાતનો કોઈ ખચકાટ વગર બહોળો ઉપયોગ કરવા સારૂ કુર્આન અને સુન્નહમાં સ્પષ્ટ માર્ગદર્શન અને સૂચનાઓ આપી દીધેલ છે. જી હા! તેને વિશિષ્ટતા આપેલ છે અને તેણી તેની હકદાર છે. આવો, આપણે એક પછી એક મુદ્દાની છણાવટ ટૂંકમાં કરી લઈએ.



સંપત્તિમાં વધુ હિસ્સેદારી

હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સ્ત્રી, એટલું જ નહીં કે એ બધું જ કરવા માટે સક્ષમ છે જે એક પુરુષ કરી શકે છે, પરંતુ તે માટે પણ સક્ષમ છે, જે માટે એક પુરુષ સક્ષમ નથી જણાતો. જરૂર છે તો તેને એક સલામત માહોલ અને વધુ સારો નાણાકીય સહયોગ પૂરો પાડવાની. "સરખા કામ - સરખું વેતન" આ સૂત્ર પ્રથમ દ્દષ્ટિએ યોગ્ય જણાય છે, પરંતુ જ્યારે સરખામણી કરીએ, જુદા જુદા લોકોની, જુદી જુદી જરૂરતો માટે, તો એ ન્યાયિક નથી જણાતું. એક મહિલા, તેની મહત્ત્વની જવાબદારીઓની સાથે, કામ સારુ એ રીતે બહાર ન નીકળી શકે જે રીતે એક પુરુષ જઈ શકે છે, તે દ્રષ્ટાંત સમજવું રહ્યું. અને તેથી જ એવી નાણાકીય વ્યવસ્થા હોવી જોઈએ કે જેમાં સ્ત્રી પણ એટલો જ સહયોગ મેળવે, જ્યારે તે કામ કરતી હોય કે ન કરી શકતી હોય, તો જ સાચો ન્યાય પ્રસ્થાપિત થઈ શકે. અને ઈસ્લામ આ જ તો કહે છે. અને તેથી જ સમગ્ર કુટુંબની નાણાકીય

જવાબદારી પુરુષના શિરે જ રહેશે, પછી તે પિતા હોય,ભાઈ હોય, પતિ હોય કે અગ્રતા ક્રમ મુજબ કોઈ બીજો સગો હોય. સાદી ભાષામાં એમ કહી શકાય કે ઈસ્લામે મહિલાને વિશિષ્ટ કશું ન કમાવવાના પણ અધિકાર આપ્યા છે, જે અદ્વિતીય અને વ્યવહારૂ પણ છે. બહાર જઈ કામ કરવું કે વેપાર કરવો અને ધન-સંપત્તિ કમાવવી તે સારૂ મહિલાને છૂટ આપવામાં આવી છે. કેટલાક ખાસ સંજોગોમાં તો પ્રોત્સાહિત પણ કરવામાં આવી છે, પરંતુ તેના માટે આ ફરજિયાત નથી. એટલું જ નહીં , પોતે રળેલ કમાણીમાંથી તેની પોતાની જરૂરિયાત માટે પણ તેમાંથી જ ખર્ચ કરે તે જરૂરી નથી. જો તેણી પોતાના પતિ કરતાં પણ વધુ કમાય તો પણ કુટુંબ માટે ખર્ચ કરવું તેના માટે ફરજિયાત નથી. જો તે શુભ આશયથી પોતાના કુટુંબ માટે ખર્ચ કરે છે તો તે બહુ જ પુણ્ય(સદ્કા)નું કામ ગણાશે, પરંતુ કોઈ પણ કુટુંબીજન આ સારૂ તેણી પાસે તેની માંગણી નથી કરી શકતો. આ સાથે જ પિતાના મૃત્યુ પછી તેની વારસાઈમાં પુત્ર-પુત્રીના ૨:૧ ના પ્રમાણમાં તેનો અધિકાર બને છે. અહીં એ વાત નોંધવી મહત્ત્વની છે કે, આ તે સમાજની સામે કહેવાયું છે જે સ્ત્રીને માત્ર એક જણસ ગણતો હતો, જેની વારસા વહેંચણી થવી જોઈએ. અને કુર્આને શરીફે આ જાહેર કર્યું કે :

> "પુરુષો માટે તે માલમાં હિસ્સો છે જે માતા-પિતા અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય, અને સ્ત્રીઓ માટે પણ તે માલમાં હિસ્સો છે જે માતા-પિતા અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય, ચાહે થોડો હોય કે વધારે, અને આ હિસ્સો (અલ્લાહ તરફથી) નિર્ધારિત કરેલો છે."
>
> (કુર્આન, ૪:૭)

વારસાઈના ખરા પુરુષ લાભાર્થીઓ, જે બેવડો હિસ્સો મેળવે છે તેમાં કુટુંબની મહિલાઓનો હિસ્સો પણ સામેલ છે. સ્ત્રીનો હક નિર્ધારિત કરીને અલ્લાહે તેણીને નાણાકીય રીતે વધુ મજબૂત બનાવી દીધી છે. અને વારસાઈના કાનૂનમાં ૧૫થી પણ વધુ એવી પરિસ્થિતિઓ છે જેમાં સ્ત્રી પુરુષ કરતાં વધુ હિસ્સો મેળવે છે. અહીં જે વસ્તુ ગણતરીમાં લેવાય છે તે લિંગ નથી બલ્કે મૃતક સાથેનો સંબંધ છે અને ન્યાય છે. અહીં એ નોંધવું રસપ્રદ રહેશે કે ફક્ત કુર્આન જ એવું ધાર્મિક પુસ્તક છે, જે સ્ત્રીને વારસાઈનો અધિકાર આપે છે.



દરેક સંબંધમાં વધુ કાળજી અને વધુ હિસ્સો

કોઈ પણ સંબંધમાં અને જીવનના કોઈ પણ તબક્કે માનવજાતને ઇસ્લામે પ્રેરણા આપી છે, કે તે મહિલાઓની ખાસ કાળજી રાખે. અને નારી થકી સ્વર્ગ મેળવવાનો પ્રસ્તાવ મૂકી સખત ચેતવણી આપી કે તે દીકરાને દીકરી ઉપર પ્રાથમિકતા કદાપિ ન આપે. કુર્આનેશરીફે પ્રગટ રીતે પહેલાંના અજ્ઞાનતા કાળના આયામો બદલીને દીકરીના જન્મ માટે આ ખુશખબર સંભળાવી.

> "જ્યારે તેમનામાંથી કોઈને પુત્રીના જન્મની ખુશખબર આપવામાં આવે છે તો તેના ચહેરા પર કાલિમા છવાઈ જાય છે અને તે બસ લોહીનો ઘૂંટ પીને રહી જાય છે,લોકોથી છુપાતો ફરે છે કે આ શુભ સમાચાર પછી કોઈને શું મોઢું દેખાડે. વિચારે છે કે અપમાનની સાથે આ પુત્રીને રાખી લે કે માટીમાં દાટી દે?- જુઓ, કેવા ખરાબ નિર્ણયો છે જે આ લોકો અલ્લાહ વિષે લગાવે છે." (કુર્આન, ૧૬: ૫૮,૫૯)

અલ્લાહ પણ કુર્આન દ્વારા સખત ચેતવણી આપે છે તેઓને, જેઓએ દીકરીઓને જીવતી દાટી દીધી હોય.

> "અને જયારે જીવતી દાટવામાં આવેલી બાળકીને પૂછવામાં આવશે કે તે કયા અપરાધ માટે મારી નાખવામાં આવી ?" (કુર્આન - ૮૧:૮,૯)

સ્વર્ગ પ્રાપ્તિ, જે કોઈ પણ શ્રદ્ધાળુ-ઈમાનવાળાનું મોટામાં મોટું સ્વપ્ન હોય છે, પુત્રીના ઉછેર થકી મળશે તેમ શીખવવામાં આવ્યું. પયગંબર મુહમ્મદ સ.અ.વ. એ કહ્યું, "જે વ્યક્તિ બે કે ત્રણ દીકરીઓ કે બહેનોને જીવન-પર્યંત અથવા મૃત્યુ સુધી સંરક્ષણ આપશે તે અને હું સ્વર્ગમાં આ રીતે હોઈશું." આમ કહીને પોતાની વચલી અને બીજી આંગળી લગોલગ મૂકી આપે આ કહ્યું . એક બીજા પ્રસંગે આપે કહ્યું જે પણ વ્યક્તિને એક દીકરી હોય અને તેને તે જીવતી ન દાટે, તેને અપમાનિત ન કરે અને પુત્રને તેની ઉપર પ્રાથમિકતા ન આપે, અલ્લાહ તેને સ્વર્ગમાં દાખલ કરશે. કુર્આને સ્ત્રી અને પુરુષના સર્જનને સમાન બતાવી તેઓ વચ્ચે એકતા, સન્માન અને ઐક્ય સ્થાપી દીધું. આ તે સમયે થયું જ્યારે ફક્ત અરબમાં જ નહીં પરંતુ દુનિયાના દરેક ભાગમાં સ્ત્રીને એક આત્મા વિનાનું ઊતરતું અસ્તિત્વ ગણવામાં આવતી હતી. અને પુરુષની ઇચ્છા અને તર્ક મુજબ તેનું એક જણસ તરીકે ખરીદ વેચાણ થતું હતું.

> "લોકો! પોતાના રબ (માલિક)થી ડરો, જેણે તમને એક જીવથી પેદા કર્યા અને તે જ જીવથી તેનું જોડું બનાવ્યું અને આ બન્નેથી ઘણા પુરુષો અને સ્ત્રીઓ દુનિયામાં ફેલાવી દીધા. તે અલ્લાહથી ડરો જેના નામે તમે એકબીજાથી પોતાના હક્કો માંગો છો, અને સગા- સંબંધીઓના સંબંધો બગાડવાથી દૂર રહો. વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારા ઉપર દેખરેખ રાખી રહ્યો છે." (કુર્આન - ૪:૧)

આ જ પ્રકારના વિશિષ્ઠ અધિકારો અને કાળજી પત્ની સાથેના વ્યવહાર માટે પણ નક્કી કરવામાં આવ્યા છે. સૌથી પહેલાં લગ્ન સંસ્થાને શક્ય એટલી સરળ બનાવવામાં આવી અને ઈમાનવાળા- શ્રદ્ધાળુઓને વ્યક્તિના ચારિત્ર્યને મહત્વ આપી પરણવા સારુ પ્રોત્સાહન આપવામાં આવ્યું,તેના કુટુંબના મોભા, ધન-સંપતિ અને સુંદરતા ઉપર પ્રાધાન્ય આપીને. તેના પિતા જે તેનો ઉછેર કરે છે, તેને પણ તેની મંજૂરી વગર આ અધિકાર નથી કે તે ગમે તેની સાથે તેને પરણાવી દે. પયગંબર સાહેબે કહ્યું, "વિધવાની મંજૂરી સિવાય તેને ન

પરણાવો, અને એ જ રીતે કુંવારી સ્ત્રીની પણ મંજૂરી મેળવી લો." ઈબ્ને અબ્બાસ રદિ.નું કથન છેઃ એક છોકરી અલ્લાહના સંદેશવાહક સ.અ. વ. પાસે આવી અને કહ્યું કે મારા પિતાએ મને બળજબરીથી, મારી મંજૂરી વગર પરણાવી દીધી છે. રસૂલુલ્લાહ સ.અ. વ. એ તેને આ અધિકાર આપ્યો કે તે ક્યાં તો આ લગ્ન સંબંધ સ્વીકારી લે અથવા ચાહે તો તેને નામંજૂર કરી દે.

લગ્ન સમયે પત્નીના નાણાકીય સંરક્ષણ સારુ પતિને દુલહનના સંતોષ મુજબ મહેર (ઠરાવેલ રકમ) આપવાનું ફરજિયાત કરી દીધું. તેના બદલામાં નવવધૂએ કશું જ આપવાનું રહેતું નથી, એક વીંટી પણ નહીં. દહેજનો કુરિવાજ જે આજે પણ મોટાભાગના સમાજોમાં પ્રચલિત છે અને જે સ્ત્રીના સન્માનને નીચાજોણું કરે છે, તે ઈસ્લામના શિક્ષણ અને તેની સંસ્કૃતિની બિલકુલ વિરુદ્ધ છે.

કુટુંબની અંદર સ્ત્રીના દરજ્જાને ઊંચામાં ઊંચું સ્થાન આપવા સારુ દાંપત્યજીવનમાં હકો અને ફરજો બાબતે વિસ્તારથી સૂચનાઓ આપી દેવામાં આવી છે. અરબમાં તેને ગૃહિણી- housewife નથી કહેતા બલ્કે "રબ્બતુલ બૈત" કહે છે. આ રબ, અલ્લાહની સાથે જોડાયેલ નામ છે, જે કુટુંબમાં તેનો મોભો દર્શાવે છે. ઈસ્લામમાં દાંપત્ય જીવનનો હેતુ ફક્ત પ્રજનન જ નથી. તેનો હેતુ શારીરિક અને માનસિક આનંદની સાથે, એકબીજાની કાળજી તથા ભાગીદારી પણ છે, જેના થકી નૈતિકતાનું જતન પણ થાય છે અને અધ્યાત્મિક સંતોષ પણ મળે છે. કુર્આન ઝવ્જ શબ્દનો ઉપયોગ કરે છે જેનો અર્થ સાથી - SPOUSE થાય છે, જે પતિ અને પત્ની બન્ને દર્શાવે છે. આ સંબંધનો પાયો પ્રેમ અને દયા હોવો જોઈએ.

> "અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જ સહજાતિથી પત્નીઓ બનાવી, જેથી તમે તેમના પાસે મનની શાંતિ મેળવી શકો અને તમારા વચ્ચે પ્રેમ અને દયા પેદા કરી દીધા. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ વિચાર કરે છે." (કુર્આન - ૩૦: ૨૧)

કુર્આનનું તે વાક્ય જે પતિ-પત્નીને ઉદ્દેશીને કહે છે કે, "તમે એક બીજાના પોષાક છો", દર્શાવે છે કે આ સંબંધ કેટલો ગાઢ અને મજબૂત હોવો જોઈએ. શારીરિક સંબંધ બાંધતી વખતે પણ, પુરુષને આ સૂચના આપવામાં આવી છે કે તે પોતાના સાથીની પ્રકૃતિ અને જરૂરિયાતની કાળજી રાખે. રસૂલ સ.અ. વ. એ

કહ્યું છે : "તમારામાં કોઈ પણ જ્યારે પોતાની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધતો હોય તો પંખીડાઓની જેમ ન વર્તે. ધીમો રહે અને ધૈર્ય રાખે." પત્નીના અંદર કંઈક અણગમતી વાત જુએ ત્યારે એક પતિએ શું કરવું જોઈએ તે બાબતે કુર્આનની સલાહ પણ જુઓ :

"એ લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમારા માટે હલાલ (વૈધ) નથી કે બળજબરીપૂર્વક સ્ત્રીઓના વારસદાર બની બેસો, અને એ પણ હલાલ નથી કે તેમને પજવીને તે મહેરનો કેટલોક ભાગ પડાવી લેવાની કોશિશ કરો, જે તમે તેમને આપી ચૂક્યા છો. હા, જો તેઓ કોઈ ખુલ્લી બદકારીનું કામ કરે (તો ચોક્કસ તેમને તંગ કરવાનો હક છે.) "તેમના સાથે ભલી રીતે જીવન વિતાવો. જો તેઓ તમને પસંદ ન હોય આ બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ અલ્લાહે તેમાં ઘણી બધી ભલાઈઓ મૂકી દીધી હોય."

(કુર્આન - ૪ : ૧૯)

કુર્આન કે હદીસમાં એક પણ વાક્ય એવું નથી જે દર્શાવતું હોય કે ઘરનું કામકાજ ફક્ત સ્ત્રીઓએ જ કરવાનું રહેશે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે પયગંબર સાહેબ આવા દરેક કાર્યોમાં પુનિત પત્નીઓના સહભાગી થતા હતા અને સૌથી અઘરા કામ આપ જાતે જ કરતા હતા.

ઇસ્લામની અંદર લગ્ન એક મજબૂત બંધન છે અને કોઈ પણ સાથી જ્યારે તે કરારને તોડે તો તેના વળતરની વ્યવસ્થા હોવી બહુ જ પ્રાકૃતિક છે. લગ્ન-વિચ્છેદની મંજૂરી એક સખત પ્રક્રિયા પછી અને છેલ્લા ઉપાય તરીકે જ હોઈ શકે અને તેમાં સ્ત્રીનું સન્માન તથા તેનું સંરક્ષણ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે. તલાક શબ્દનો અર્થ છુટકારો, મોક્ષ કે જવાબદારીમાંથી મુક્ત થવાનો છે. જિંદગીભર ઝઘડા અને વાંધા સાથે જીવવા કરતાં ઉમદા રીતે છૂટા પડી જવું જ યોગ્ય લેખાશે. અહીં એ નોંધવું યોગ્ય રહેશે કે એક સ્ત્રીના માટે છૂટા થવું પુરુષ કરતાં વધુ આસાન છે. જો કોઈ પુરુષ પોતાની પત્નીને યોગ્ય કારણસર છૂટી કરવા માંગતો હોય તો પણ તેને આપેલી રકમમાંથી કશું પણ પરત લેવાની પરવાનગી નથી, જે તેણીને ભેટ કે મહેર સ્વરૂપે આપેલું હોય, બલ્કે વળતર અને ભરણપોષણ આપવાની પણ જવાબદારી રહેશે.

ઇસ્લામમાં બહુપત્નીત્વની છૂટ સમાજમાં સ્ત્રીના હક્કોની જાળવણી અને નૈતિકતાની જાળવણી સારુ આપેલ છે.

"અને જો તમને ડર હોય કે અનાથો સાથે ન્યાય નહીં કરી શકો, તો જે સ્ત્રીઓ તમને પસંદ પડે તેમાંથી બબ્બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર સાથે નિકાહ (લગ્ન) કરી લો, પરંતુ જો તમને ડર હોય કે તેમના સાથે ન્યાય નહીં કરી શકો તો પછી એક જ પત્ની રાખો. અથવા તે સ્ત્રીઓને પત્નીઓ બનાવી લો જે તમારા કબ્જામાં આવી છે, અન્યાયથી બચવા માટે આ વધુ યોગ્ય છે."

(કુર્આન - ૪ : ૩)

સ્પષ્ટ રહે કે ઈસ્લામ બહુપત્નીત્વને પ્રોત્સાહિત નથી કરતો. એક સમયે પુરુષ એટલા બધા લગ્ન સંબંધ બનાવતો હતો કે તેની પત્નીના નામ પણ તેને યાદ ન'હોતા રહેતા,તે સમયે ઈસ્લામે બહુપત્નીત્વમાં વધુમાં વધુ ચાર પત્નીઓની મર્યાદા બાંધી . કોઈ પણ ધાર્મિક પુસ્તકમાં ફક્ત એકને જ પરણવું તેવો ઉલ્લેખ જોવા નથી મળતો. અહીં બહુપત્નીત્વને એક પત્નીત્વ ઉપર પ્રાધાન્ય આપવાનો પ્રશ્ન નથી. પરંતુ જે સમાજના તાણા-વાણા છિન્નભિન્ન કરી નાંખે છે, તે યૌન સંબંધોમાં વ્યાપ્ત સ્વચ્છંદતાનો છે. પયગંબર સાહેબે ૨૫ વર્ષની ઉંમરે હઝરત ખદીજા રદિ. જે ૪૦ વર્ષના હતા તેમની સાથે લગ્ન કર્યા અને તેણીના મૃત્યુપર્યંત તેમણે બીજા કોઈ લગ્ન ન કર્યા. ફક્ત ખદીજા રદિ.ના મૃત્યુ બાદ જ આપે બીજા લગ્નો કર્યા. આ બધામાં ફક્ત હઝરત આયશા જ યુવાન અને અપરિણીત હતા. અહીં એ ધ્યાને લેવું રહ્યું કે, એક સ્ત્રીને માનસિક અને શારીરિક યાતનાઓનો સ્વતંત્ર કહેવાતા સમાજમાં સામનો કરવો પડે છે તે, બિનઅધિકૃત અને લગ્ન બહારના સંબંધો, વેશ્યાવૃત્તિ, બળાત્કાર, વણજોઈતું ગર્ભાધાન, અનાથો અને ત્યજી દીધેલાં બાળકો, વિગેરે છે,જે તેણીને કોઈ જ સંરક્ષણ પૂરૂં નથી પાડી શકતા. જ્યારે કે ઈસ્લામની કુટુંબ વ્યવસ્થામાં બીજી પત્નીને તેના બાળકો સહિત પૂરતું સંરક્ષણ મળે છે અને વારસાધિકાર પણ મળે છે. કોઈ સ્ત્રીમિત્ર - ગર્લફ્રેન્ડ માટે આ વ્યવસ્થા અકલ્પનીય છે. સ્ત્રીઓ અને બાળકોને અહીં ખૂબ મોટો અન્યાય થાય છે. અહી એ નોંધવું રસપ્રદ રહેશે કે સ્ત્રીને પોતાના લગ્ન કરારમાં તેનો પતિ બીજા લગ્ન નહી કરે તેવી શરત મૂકવાનો પણ અધિકાર છે. સ્ત્રીની મરજી સિવાય બીજી પત્ની બનાવવાના દબાણ સામે આ પૂરતી વ્યવસ્થા હોઈ શકે છે.



આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ખાસ દરજ્જો

ઈસ્લામ સ્પષ્ટ રીતે શીખવે છે કે ધાર્મિક વિધિવિધાનમાં, પરંપરાઓમાં અને કર્મનો બદલો મેળવવામાં કોઈ લૈંગિક ભેદ નથી. કુર્આન કહે છે :

> ''હું તમારામાંથી કોઈનું કર્મ વ્યર્થ જવા દેવાનો નથી. ચાહે પુરુષ હોય કે સ્ત્રી, તમે સૌ એક-બીજા જેવા છો.'' (કુર્આન - ૩:૧૯૫)

> "જે વ્યક્તિ પણ સદ્કાર્ય કરશે, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, શરત એ છે કે તે હોય ઈમાનવાળા, તેને અમે દુનિયામાં શુદ્ધ અને પવિત્ર જીવન જીવાડીશું અને (પરલોકમાં) આવા લોકોને વળતર તેમના સર્વશ્રેષ્ઠ કર્મો મુજબ આપીશું.'' (કુર્આન - ૧૬: ૯૭)

"અને જે ભલા કાર્યો કરશે, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મો'મિન (ઈમાનવાળા), તો આવા જ લોકો જન્નત (સ્વર્ગ)માં દાખલ થશે અને તેમને રજમાત્ર અન્યાય નહીં થવા પામે." (કુર્આન - ૪: ૧૨૪)

કોઈ સ્ત્રીની પ્રાર્થના સ્વીકારવા સારૂ વ્યવહાર સીધો જ અલ્લાહ- ઈશ્વર સાથે છે. તેમાં કોઈ પુરુષની મધ્યસ્થી કે પાદરી- પંડિત તરીકે દખલ, બિલકુલ જરૂરી નથી.

અલબત્ત, પાંચ વખતની નમાઝ, રોઝા, હજ્જ વિગેરેમાં મહિલાઓને વિશેષ રાહત આપવામાં આવેલ છે. કોઈ પણ પુરુષ માટે સામાન્ય રીતે પાંચ વખતની નમાઝ મસ્જિદમાં પઢવી ફરજિયાત છે. પરંતુ મહિલાઓને આમાંથી મુક્તિ આપેલ છે. તેણીને મસ્જિદમાં જવાની પસંદગી અને સાથે સાથે ઘરમાં પણ આ બધી જ પ્રવૃત્તિ કરવાની છૂટ છે. પરંતુ જો તે મસ્જિદમાં જવા માંગે તો કોઈ તેને તેમ કરતાં રોકી શકતું નથી. સ્ત્રીની શારીરિક જરૂરિયાતો સામે રાખતાં આ બહુ જ વ્યવહારુ રસ્તો છે. નમાઝ દરમિયાન સાથે જોડાયેલી માતાઓના રડતા બાળકનો અવાજ સાંભળીને કુર્આનનું પઠન ટૂંકુ કરી દેવાનું પયગંબર સાહેબનું પગલું, આધ્યાત્મિક પ્રવૃત્તિમાં સ્ત્રીઓને પ્રોત્સાહિત કરનારૂં તેમજ આગળ વધારનારૂં જણાઈ આવે છે. તેમનો સ્ત્રીઓ માટેનો વિશિષ્ટ આદર આમાં જોઈ શકાય છે. મક્કાના હજ્જ તથા ઉમરાની વિધિ દરમિયાન પણ સ્ત્રીઓને સામેલ કરવા પયગંબર સાહેબે ખાસ સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું છે. જેઓ સાધન-સંપન્ન હોય તેવા સ્ત્રી અને પુરુષ બન્નેને ત્યાં જવાનું ફરજિયાત ઠેરવેલ છે. આ વિધિ દરમિયાન પુરુષને સામાન્ય રીતે પહેરાતા પહેરવેશ દૂર કરી ફક્ત બે સફેદ ટુકડા જ પહેરવાનો આદેશ છે, જ્યારે કે શ્રદ્ધાળુ સ્ત્રીને પોતાનો સામાન્ય રીતે પહેરાતો પહેરવેશ ધારણ કરવામાં કોઈ બાધ નથી. વધુમાં જ્યારે તે ગર્ભવતી હોય કે સાથે નાનું બાળક હોય તો કેટલીક ખાસ છૂટ આ વિધિવિધાનની અદાયગીમાં પણ આપેલ છે.



માસિક ધર્મ

માસિક ધર્મ સ્ત્રીને પ્રજનન સારૂ તૈયાર કરવાની એક પ્રક્રિયા છે. આ સમય દરમિયાન સ્ત્રી કેટલીક માનસિક અને શારીરિક મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. અને તેથી જ ઈસ્લામે કેટલીક આધ્યાત્મિક પ્રવૃત્તિ જેમકે પાંચ વખતની નમાઝ તથા રમઝાનના રોઝા જે ફરજિયાત છે અને સમયસર કરવાના છે, તેમાંથી પણ તેને મુક્તિ આપેલ છે. છૂટી ગયેલ નમાઝની અદાયગી, જે તેના ઉપર એક ભારે બોજ બનતી, તેમાંથી તો મુક્તિ આપેલ છે, પરંતુ રમઝાનના છૂટી ગયેલા રોઝા બીજા દિવસોમાં વાળી લેવાના રહેશે. આ નમાઝ તથા રોઝા વિગેરે છોડી દેવા દરમિયાન પણ તેને માલિકની આજ્ઞાકિંતતાનો બદલો એ જ રીતે મળશે જેમ કે એક પુરુષને તેના માલિકની નમાઝની અદાયગીમાં મળે છે. વધુમાં પયગંબર સાહેબ ﷺના નીચેના કથન સ્પષ્ટ રીતે દર્શાવે છે કે તેણીને વિશિષ્ટ બદલો આ યાતનાઓ અને દર્દ માટે આપવામાં આવશે, જે આ પ્રક્રિયા દરમ્યાન તે ઉઠાવે છે.

"શ્રદ્ધાળુ-ઈમાનવાળાની પણ અદ્‌ભૂત કેફિયત હોય છે. જિંદગીની દરેક પરિસ્થિતિ તેના માટે સુંદર હોય છે અને આ ફક્ત મો'મિનની જ વિશિષ્ટતા છે. જો કંઈ પણ સારૂં થાય છે તો તે આભાર દર્શન કરે છે, જે તેનું ઇનામ બની જાય છે અને જ્યારે કંઈક ખરાબ થાય છે તો તે ધૈર્ય દર્શાવે છે અને તે પણ તેના માટે એક ઇનામ બની રહે છે."

ટૂંકમાં નમાઝ છોડીને કે રોઝા ન રાખીને સ્ત્રી કશું ગુમાવતી નથી એટલું જ નહીં, બલ્કે વધારાનું ઇનામ પણ મેળવે છે. હકીકતમાં જે નિયમિત બંદગી કરવાની હોય છે તે કેટલાક અનિવાર્ય સંજોગોના લીધે છોડવી પડે તો પણ વ્યક્તિ તેનો બદલો મેળવતી જ રહે છે.

પયગંબર સાહેબ ﷺનું કથન છે:

"જ્યારે કોઈ અલ્લાહનો બંદો બીમાર પડે કે સફરમાં હોય છે તો તે એટલું જ મેળવે છે, જે તે નિત્યક્રમ મુજબ ઘરે રહી સત્કાર્યો અને બંદગી દ્વારા કરતો હતો."

આ સાથે જ રજસ્વલા સ્ત્રીને અપવિત્ર ગણી રોજબરોજના કામથી દૂર રાખવું ઇસ્લામી સભ્યતા મુજબ નથી. ઇતિહાસ સાક્ષી છે કે પયગંબર સાહેબ ﷺ પોતાની પત્નીઓ સાથે, તે રજસ્વલા હોય તે દરમિયાન પણ ગાઢ સંપર્ક રાખતા હતા. હઝરત આયશા રદિ.નું કથન છે:

"માસિક ધર્મ દરમિયાન પણ જે પ્યાલામાંથી હું પાણી પીતી હતી, પયગંબર સાહેબ ﷺ પણ તે જ પ્યાલામાંથી પાણી પીતા હતા અને એ.જ જગ્યા ઉપર પોતાના હોઠ મૂકતા હતા જ્યાંથી મેં પાણી પીધું હોય."

માસિક સ્ત્રાવ તથા પ્રસુતિ દરમિયાન સ્ત્રીને વધુ આરામ અને પોષણની જરૂર હોય છે. તેથી જ રજસ્વલા કે સુવાવડી સ્ત્રીને, વિશિષ્ટ કાળજી લઈ રોઝામાંથી મુક્તિ આપી છે. જો તેની છૂટ હોત તો શ્રદ્ધાળુ સ્ત્રી, પોતાની આતુરતાને લીધે, પોતાના અલ્લાહને પ્રસન્ન કરવા સારૂ આ મુદત દરમિયાન પણ રોઝા રાખી લેતી.

જ્યારે કે આ બાબતે પોતાના માલિકના આજ્ઞાપાલનને કારણે, પોતાની તંદુરસ્તીની કાળજી લઈ તે વધારાનું ઈનામ મેળવે છે. અલ્લાહ સૌથી વધુ જાણવા વાળો છે. પોતાના શરીરને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચે તેમ કરવાનો શ્રદ્ધાળુ-ઈમાનવાળાને કોઈ અધિકાર નથી.

"અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો અને પોતાના હાથે પોતાને વિનાશમાં ન નાખો. સારામાં સારી રીત અપનાવો, કારણ કે અલ્લાહ સારામાં સારી રીત અપનાવનારાઓને પસંદ કરે છે." (કુર્આન, ૨ : ૧૯૫)

"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! પરસ્પર એકબીજાનો માલ અનુચિત રીતે ન ખાઓ, લેવડદેવડ થવી જોઈએ એકબીજાની સંમતિથી, અને પોતે પોતાની હત્યા ન કરો. વિશ્વાસ રાખો કે અલ્લાહ તમારા ઉપર મહેરબાન છે. (કુર્આન, ૪ : ૨૯)



બહાર જવામાં વિશિષ્ટ કાળજી

બહાર જતી વખતે આપણે એક ખાસ સાવચેતી અને કાળજી રાખીએ છીએ. આપણા પાકીટના અંદરના ખાનામાં પૈસા તથા બીજી કીમતી વસ્તુઓ સંતાડીને મૂકી દઈએ છે. આપણે સમજીએ છીએ, બીજાને ચોરી કરવાની લાલચ કાબૂમાં લેવા કરતાં, આપણે જ કિંમતી વસ્તુઓને સાચવીને રાખીએ તે યોગ્ય છે. અત્રે પયગંબર સાહેબના એ કથનનો ઉલ્લેખ જરૂરી છે કે, "ઊંટની દોરી છૂટી ન રાખતાં તેને બાંધીને જ અલ્લાહ ઉપર ભરોસો રાખો". ઈસ્લામમાં સ્ત્રીને બહાર જઈ સામાજિક રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાની પૂરી ગુંજાઇશ છે. આ પ્રવૃત્તિઓમાં ફરજિયાત કરવાની તથા જેની રજામંદી આપેલ છે, બન્નેનો સમાવેશ થઈ જાય છે. આ પ્રવૃત્તિઓની પરિસ્થિતિ અને અગ્રતાક્રમ મુજબ તેની શરતો અને પ્રકાર નક્કી કરી શકાય. બહારની પ્રવૃત્તિઓમાં આ રીતે સામેલગીરીથી સ્ત્રી બહારની દુનિયાને સારી રીતે સમજી શકે છે, જેનો લાભ તે

પોતાના ઘરમાં જ્યાં તેનો પ્રભાવ છે, પોતાના પતિ સાથે મળીને પોતાના બાળકોને એ રીતે અગ્રેસર કરે છે કે તે સમાજમાં પોતાનું યોગદાન આપવાવાળા બની જાય છે. આ બધી પ્રવૃત્તિઓમાં સ્ત્રી અને પુરુષ એકબીજાના હરીફ નહી પરંતુ પૂરક બને તે અપેક્ષિત છે.

> કુર્આન કહે છે : "મોમિન (ઈમાનવાળા) પુરુષો અને મોમિન (ઈમાનવાળી) સ્ત્રીઓ સૌ એક-બીજાના મિત્રો છે. ભલાઈની આજ્ઞા આપે છે અને બૂરાઈથી રોકે છે, નમાઝ કાયમ કરે છે, ઝકાત આપે છે અને અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરે છે. આ તે લોકો છે જેમના ઉપર અલ્લાહની રહમત (કૃપા) જરૂર ઊતરીને રહેશે, નિઃશંક અલ્લાહ સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર અને તત્ત્વદર્શી છે." (૯: ૭૧)

> "હે નબી ! ઈમાનવાળા પુરુષોને કહો કે નજરો બચાવીને રાખે અને પોતાના ગુપ્તાંગોની રક્ષા કરે, આ તેમના માટે વધારે પવિત્ર રીત છે. જે કંઈ તેઓ કરે છે અલ્લાહને તેની ખબર રહે છે." (કુર્આન, ૨૪: ૩૦)

અહીં કોઈ ખાસ એક પગલાંની વાત નથી પરંતુ પૂરી સભ્યતાની વાત શીખવાડવામાં આવી છે કે, કોઈને પણ આ અધિકાર નથી કે સ્ત્રીને બૂરી નજરથી જુએ અને તેનું મૂલ્યાંકન તેના દેખાવથી નહી પરંતુ તેના કામથી આંકવામાં આવે. એ બધા જ ધંધાઓ જે સ્ત્રીના શરીરને માત્ર એક જણસ ગણે છે, તેને આ કાબૂમાં રાખે છે. કોર્પોરેટ જગત દ્વારા ઇસ્લામ સામે વ્યાપક રીતે ફેલાવેલ અપપ્રચારનું આ એક મહત્ત્વનું કારણ છે. કોઈ પણ રોગ પછી તે શારીરિક હોય કે નૈતિક, ઇસ્લામ એક વ્યવહારૂ અભિગમ ધરાવતો ધર્મ હોઈ માને છે કે "રોકથામ જ ઇલાજ કરતાં વધુ ઉત્તમ છે." "Prevention is better than cure." અને એટલા જ સારૂ અલ્લાહે સ્ત્રીને પુરુષની જેમ જ જરૂરી કાળજી લેવાની સૂચના આપી, જેમાં પહેરવેશના ધારાધોરણ Dress code પણ સામેલ છે, જેનાથી ફક્ત તેના શરીરનું જ રક્ષણ ન થાય પરંતુ તેનું માન સમ્માન પણ સુનિશ્ચિત થાય.અને સામાન્ય ભાષામાં પ્રચલિત આ હીજાબ જ સ્ત્રીને ફક્ત તેની સુંદરતા કે તેનો અભાવ જ નહી પરંતુ તેના ચારિત્ર્ય, કૌશલ્ય, જ્ઞાન અને પ્રતિભા થકી જ તેને સ્વીકૃતિ અપાવે છે. હિજાબ-

પરદો અપનાવવાની સ્થિતિમાં સ્ત્રીનું રૂપ સમાજમાં સ્વીકૃતિનું માપદંડ નથી બનતું.

"અને હે નબી ! ઈમાનવાળી સ્ત્રીઓને કહી દો કે પોતાની નજરો બચાવીને રાખે અને પોતાના ગુપ્તાંગોની રક્ષા કરે, અને પોતાના શણગાર ન દેખાડે, સિવાય તેના જે આપોઆપ પ્રગટ થઈ જાય, અને પોતાની છાતીઓ પર પોતાની ઓઢણીઓના પાલવ નાખેલાં રાખે, તેઓ પોતાનો શણગાર જાહેર ન કરે પરંતુ આ લોકોની સામેઃ પતિ, પિતા, પતિઓના પિતાઓ, પોતાના પુત્રો, પતિઓના પુત્રો, ભાઈ, ભાઈઓના પુત્રો, બહેનોના પુત્રો, પોતાની પરિચિત સ્ત્રીઓ, પોતાના દાસ-દાસીઓ, તે આધીન પુરુષો જેઓ કોઈ બીજા પ્રકારનો આશય ધરાવતા ન હોય, અને તે બાળકો જેઓ સ્ત્રીઓની છૂપી વાતોથી હજુ માહિતગાર ન થયા હોય, તેઓ પોતાના પગ જમીન ઉપર પછાડીને ન ચાલે કે જેથી તેમના શણગાર જે તેમણે છૂપાવી રાખ્યા હોય તેને લોકો જાણી જાય." (કુર્આન, ૨૪: ૩૧)

"હે આદમની સંતાન! અમે તમારા ઉપર પોશાક ઉતાર્યો છે જેથી તમારા શરીરના લજ્જાસ્પદ ભાગોને ઢાંકે અને તમારા માટે શરીરની સુરક્ષા અને શોભાનું સાધન પણ બને, અને સૌથી શ્રેષ્ઠ પોશાક તકવા (ઈશભય અને સંયમ)નો પોશાક છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે, કદાચ લોકો આમાંથી બોધપાઠ લે." (કુર્આન, ૭: ૨૬)

"હે પયગંબર ! પોતાની પત્નીઓ અને પુત્રીઓ અને ઈમાનવાળી સ્ત્રીઓને કહી દો કે પોતાના ઉપર પોતાની ચાદરોના પાલવ લટકાવી રાખે. આ વધુ ઉચિત રીત છે જેથી તેઓ ઓળખી લેવામાં આવે અને સતાવવામાં ન આવે. અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે." (કુર્આન,૩૩: ૫૯)

જ્યારે કોઈ સ્ત્રી અજાણ્યા લોકોની સાથે હોય કે બહાર જાય ત્યારે વધારાની શું કાળજી લેવી તે બાબતે કુર્આનના આ શ્લોકો તથા પયગંબર સાહેબના અનેક કથનો તેને સ્પષ્ટ માર્ગદર્શન આપે છે.પહેરવેશનો રંગ અને પદ્ધતિ કેવી હોવી જોઈએ તે બાબતે સામાન્ય માર્ગદર્શન સાથે અધિકાર આપ્યો જેમકે:

★ નિર્ધારિત અંગ ભાગો ઢંકાવવા જ જોઈએ. સાતિર લિબાસ.
★ તે ઢીલા ઢાલા હોવા જોઈએ.
★ પારદર્શક ન હોવા જોઈએ કે જેમાંથી બદન દેખાય.
★ તેના થકી અહંકાર પ્રગટ થવો ન જોઈએ.

આ સૂચનાઓ દર્શાવે છે કે મુસ્લિમ બાનુ માટે ફક્ત કાળો પહેરવેશ, જે પરદા કે અબાયા તરીકે ઓળખાય છે, તે પહેરવું ફરજિયાત નથી. તે ગમે તે રંગનો કે પ્રકારનો હોઈ શકે છે. જેમકે, સલવાર કમીઝ, ગાઉન, ટોપ અને બોટમ વિગેરે...અર્ધનગ્ન અને ચુસ્ત પોશાક અને સંલગ્ન સામગ્રીના મુકાબલે, જાહેર સ્થળે તે સ્ત્રીને મોકળાશ સાથે આરામદાયક અને હલકો ફુલકો લાગે છે. કોઈ ખાસ રંગ તથા પદ્ધતિનો પોશાક કોઈ પણ જગ્યાએ ધર્મના આદેશ કરતાં જે તે સ્થળની સભ્યતા દર્શાવે છે. હિજાબ ફકત પહેરવેશની પદ્ધતિ જ નહીં, પણ તે વ્યક્તિની વિચારસરણી, બોલચાલ,દ્રષ્ટિ અને ચાલ- ચલગત સાથેની ઘનિષ્ઠતા પણ દર્શાવે છે. તે સર્વગ્રાહી રીતે નૈતિકતા,સદગુણ અને પવિત્રતાના સંપુટનું પ્રતિબિંબ છે. વધુમાં,સ્ત્રીનું સન્માન સમાજમાં જળવાઈ રહે તે સારૂ પૂરતી કાળજી લેવામાં આવી છે. સ્ત્રીની બાબતે દુષ્પ્રચાર ફેલાવવો મહાપાપ છે અને સ્ત્રી કે પુરુષ એકબીજાનો ઠઠ્ઠો ઉડાવે તે વર્જિત કર્યું. કુર્આન કહે છે :

> "અને જે લોકો ચારિત્ર્યશીલ સ્ત્રીઓ પર આરોપ મૂકે, પછી ચાર સાક્ષીઓ લઈને ન આવે, તેમને એંશી કોરડા મારો અને તેમની સાક્ષી કદાપિ ન સ્વીકારો, અને તેઓ પોતે જ અવજ્ઞાકારી (ફાસિક) છે,સિવાય તે લોકોના જેઓ આ કૃત્ય પછી તૌબા (ક્ષમા અને પ્રાયશ્ચિત) કરી લે અને સુધરી જાય કેમ કે અલ્લાહ જરૂર (તેમના માટે) ક્ષમાશીલ અને દયાળુ છે."
>
> (કુર્આન, ૨૪: ૪,૫)

> "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છોર! ન પુરુષો બીજા પુરુષોની હાંસી ઉડાવે, બની શકે છે કે તેઓ તેમનાથી સારા હોય, અને ન તો સ્ત્રીઓ બીજી સ્ત્રીઓની હાંસી ઉડાવે, બની શકે છે કે તેઓ તેમનાથી સારી હોય. પરસ્પર એકબીજા પર વ્યંગ ન કરો અને ન એકબીજાને ખરાબ ઇલ્કાબો

(ઉપનામો)થી યાદ કરો. ઈમાન લાવ્યા પછી દુરાચારમાં નામ પેદા કરવું ઘણી ખરાબ વાત છે. જે લોકો આ વર્તનથી અટકે નહી તેઓ જાલિમ (અત્યાચારી) છે." (કુર્આન, ૪૯ : ૧૧)

જો કોઈ એક સ્ત્રી ઘર બહાર જઈ કામ કરવાનું પસંદ કરે અને કોઈ ધંધો વેપાર કે સામાજિક કે રાજકીય પ્રવૃત્તિ પોતાની પસંદગીની કરે તો, આપણો અનુભવ સંશોધન અને આ માયાવી દુનિયાનો અભ્યાસ આ સાબિત કરવા પૂરતા છે કે એક સ્ત્રીને આ સૂચનો કેટલી રાહત આપી શકે છે.

કમલા સુરૈયા જે પહેલા કમલા દાસ તરીકે પ્રખ્યાત હતી તે ઇંગલિશ કવિયત્રીએ એક વાર કહ્યું, "૩૦ વર્ષ સુધી મારી સુરક્ષા સારુ હું જ્યારે પણ મુંબઈ જાઉ ત્યારે પરદામાં રહેતી હતી. તે જાણે કે મારું સુરક્ષાકવચ છે." આ વાત ઈસ્લામ અંગીકાર કર્યાના ઘણા સમય પહેલા તેણે કહી હતી. યૌવન્ના રિડલી પ્રખ્યાત અંગ્રેજ પત્રકાર કહે છે: "હું મુસ્લિમ છું અને જેવી રીતે વૉલસ્ટ્રીટનો બેંકર કહે કે મારા લિબાસને દ્રષ્ટિ સમક્ષ રાખી મારી સાથેનો વ્યહવાર હોવો જોઈએ તેજ પ્રમાણે, હું પણ પૂરા સન્માન સાથેના વ્યહવારની અપેક્ષા રાખું છું."

વિજ્ઞાપન ઉદ્યોગનો પણ તમે અભ્યાસ કરશો તો એક પુરુષને કોઈ વસ્તુ ખરીદવા માટે સ્ત્રીનું અંગ પ્રદર્શન એક ખાસ વસ્તુની ખરીદીમાં શું ભાગ ભજવે છે તે સમજાઈ જશે. આ બાબતે ડેનિસ પ્રાગર કહે છે :

> "સમાજ દ્વારા નહી પરંતુ પ્રાકૃતિક રીતે પુરુષની રચના જ દ્રશ્યને કામોત્તેજક રીતે પ્રતિભાવ આપવાની છે..કોઈ પણ પાક્ષિકમાં સ્ત્રીના પગને જ કામુક રીતે દર્શાવાય છે નહી કે પુરુષના.. એટલે જ તમે દરેક એ જાહેરાત જે પુરુષને ખરીદવા બાબતની જોશો તો તેમાં સ્ત્રી કે તેનું અંગ પ્રદર્શન હશે.. પુરુષના ઉપર દ્રશ્ય ના પ્રભાવનો ઈનકાર પૃથ્વીના ગોળ હોવાને નકારવા જેવું છે."

ઈતિહાસમાં નોંધાયેલ, સાતમી સદીમાં સ્ત્રીની ઝડપી અને ક્રાંતિકારી પ્રગતિ થઈ તેના મૂળમાં ઈસ્લામની સલામતીની કાળજી અને પયગમ્બર સાહેબના પ્રોત્સાહનનો સિંહફાળો છે. ખૂબજ ટૂંકા ગાળામાં, સર્વ માનવ હક્કથી વંચિત, સ્ત્રીને આ તિરસ્કૃત પરિસ્થિતિમાંથી ઉઠાવીને, એ મુકામ ઉપર પહોંચાડી દીધી કે

ખુદ પયગમ્બર સાહેબ સાથે પોતાના હક્કો બાબત તર્કબદ્ધ દલીલો કરતી થઈ ગઈ, જે માનવ ઇતિહાસમાં ઓછામાં ઓછા સમયમાં લાંબા ગાળા સુધી કોઈ પણ ક્રાંતિ થકી જોવા મળી હોય.

"અલ્લાહે સાંભળી લીધી તે સ્ત્રીની વાત જે પોતાના પતિના મામલામાં તમારા સાથે તકરાર કરી રહી છે અને અલ્લાહથી ફરિયાદ કર્યે જાય છે. અલ્લાહ તમારા બંનેની વાતચીત સાંભળી રહ્યો છે, તે બધું જ સાંભળનાર અને જોનાર છે." (કુર્આન, ૫૮ : ૧)

પ્રથમ તબકકે જ તેણીને શિક્ષણનો અધિકાર આપ્યો. કોઈ પણ લિંગભેદ સિવાય મા-બાપ માટે આ મહત્ત્વનું અને ફરજિયાત ઠેરવ્યું. પયગમ્બર સાહેબના આદેશ મુજબ, એક વયસ્ક તરીકે પણ "દરેક સ્ત્રી અને પુરુષ માટે જ્ઞાન મેળવવું ફરજિયાત છે." આ રીતે જીવનના દરેક તબક્કે સ્ત્રીના સમાવેશનો અને યોગ્ય સ્થાન આપવાનો પ્રાકૃતિક રસ્તો બની ગયો. વધુમાં કુર્આનનું પહેલું જ કથનઃ "પઢો, પોતાના અલ્લાહના નામથી" (૯૬ : ૧). દરેક લિંગને લાગુ પડતું હતું. અને એટલે જ પેગંબર સાહેબ ﷺના સાથે રહેતી સ્ત્રીઓ, એટલું જ નહીં કે કુર્આન અને હદીસમાં ઉચ્ચ સ્થાને બિરાજી, પરંતુ ખગોળ અને તબીબી વિજ્ઞાનમાં પણ નિપુણ નીવડી. પયગંબર સાહેબનો સહયોગ અને પ્રોત્સાહન તેઓને વિપુલ માત્રામાં મળી રહ્યા. જ્યારે તેઓએ, પુરુષો સમેત પોતાના અનુયાયીઓને, આપની પુનિત પત્ની હઝરત આયશાની તરફ ઈશારો કરી કહ્યું : "તમે આ લાલ સ્ત્રી પાસેથી તમારો દીન સમજો" તે તેમની નિપુણતાને સામે રાખી કહ્યું હતું. આ કુર્આન અને સુન્નહના સહયોગ થકી જ મોરોકકોની એક બાનુ જેમનું નામ ફાતિમા અલ ફિહરી હતું, એ.ડી. ૮૫૯માં પ્રથમ યુનિવર્સિટી- વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી. ઈસ્લામિક ઇતિહાસના અભ્યાસ દ્વારા આપણે જોઈએ છે કે સ્ત્રીઓએ સામાજિક અને રાજકીય રીતે ખૂબ જ મહત્ત્વની કહી શકાય તેવી, હિજરત, હુદૈબિયાની સંધિ, ઉકબાની સંધિ વિગેરે..માં ભાગ લીધો. એવા પણ પ્રસંગ આવ્યા જ્યારે, અનેક નાજુક તબક્કે પયગંબર સાહેબે સ્ત્રીઓના સૂચનો સ્વીકાર્યા. સ્ત્રીઓને મતાધિકાર પણ અપાયો. શ્રધ્ધાળુ- ઈમાનવાળી સ્ત્રી ઈસ્લામે અર્પેલ આત્મવિશ્વાસ અને હિંમત થકી ગમે તેવી દુશ્મનાવટભરી પરિસ્થિતિમાં,

પવિત્રતાથી સુસજ્જ હોઈ, રાજકીય રહસ્યો પણ જાળવી શકે છે. તવારીખમાં પયગંબર સાહેબની સાથીઓ જેમકે અસમા બિન્તે અબૂબક્ર, નુસયબા બિન્તે કાબ તથા અસમા બિન્તે અમ્ર ર.અ. એ આ સાબિત કરી દેખાડ્યું. યુદ્ધના મેદાનમાં દુષ્ટના ખાતમા સારુ ઘણી સહાબિયાએ સીધો ભાગ લઈ ન્યાયના સ્થાપન કાજે, આ પણ સાબિત કરી બતાવ્યું. ઉહદની લડાઈમાં પયગંબર સાહેબના સંરક્ષણ સારૂ પોતાના શરીર ઉપર ૧૨ તીરના ઘા ઝીલી ઉમ્મે અમ્મારા (નુસયબા બિન્તે કાબ)ર.અ.એ ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું. આ એ પ્રસંગ હતો જયારે મર્દોએ પણ ગભરાટ અનુભવ્યો અને લડાઈ ચાલુ રાખવાની આશા છોડી દીધી હતી. આ અફવા પણ ફેલાઈ ગઈ હતી કે અલ્લાહના સંદેશ વાહક પણ શહીદ થઈ ગયા છે. હકીકતમાં તેણી આ સાબિત કરી રહી હતી કે સ્ત્રીમાં આ તાકાત છે કે માનવતાના સંરક્ષણ સારુ તે કોઈ પણ ભોગ આપી શકે છે અને સત્ય તથા ન્યાય માટે અડગ રહી શકે છે. ફક્ત ઈસ્લામની વિશિષ્ટ કાળજી થકી મેળવેલ આત્મવિશ્વાસ, જે તેના મોભાને પ્રસ્થાપિત કરે છે અને તેના આત્મવિશ્વાસને મજબૂત કરે છે, તેના દ્વારા જ તે આ કરવા સક્ષમ બની શકી.



ઉપસંહાર - CONCLUSION

ટૂંકમાં, આપણી સમક્ષ આ હકીકત આવે છે કે સ્ત્રીનું સર્જન જબરદસ્ત તાકાત સાથે માનવતાના મુખ્ય સ્તંભ તરીકે કરેલ છે. તેની આ તાકાતના પૂરેપૂરા ઉપયોગ સારૂ આ જરૂરી નથી કે તે પુરુષ સમોવડી ગણવામાં આવે કે પુરુષ જેવા જ કાર્ય કરે. ન તો સ્ત્રી પુરુષ વચ્ચે દુશ્મનાવટ ઊભી કરીને કે કોણ ચડિયાતું છે તેની મૂષક હરીફાઈ- rat race ઊભી કરીને. સ્ત્રી-પુરુષ જેવો જ પોશાક પહેરે અને એ જ કાર્યો કરે જે પુરૂષ કરે છે તો જ તેનો સ્વીકાર થાય, તે પરિસ્થિતિ સ્ત્રીની તરફેણની નથી હોઈ શકતી. જો તે સુંદર (અર્ધનગ્નના ધારાધોરણ મુજબ, પાતળી - size zero વિગેરે) દેખાય તેવી બનાવવામાં આવે, હવસખોર-sexy નારી જેવી હરકતો કરે, પુરુષ જેવું વિચારે અને શ્વાનની જેમ કામ કરે, તો આ ન તો સ્ત્રીનું સશક્તિકરણ છે ન જ તેની સ્વતંત્રતા. સભ્ય સમાજનું મુખ્ય લક્ષણ, સ્ત્રીને સ્ત્રી તરીકે સ્વીકારી તેમને વિશિષ્ટ કાળજી લઈ યોગ્ય સ્થાન આપવામાં આવે તે છે, નકે તેનું નિસ્ત્રીકરણ કરી તેને સ્વતંત્રતામાં ખપાવે. માછલી અને ખિસકોલી

વચ્ચે સરખી હરીફાઈ ગોઠવી આપણે નક્કી ન કરી શકીએ કે કોણ ચઢિયાતું છે. કારણ કે દરેક અલગ- અલગ કાર્ય સારુ, જુદી- જુદી આવડત સાથે અવતરેલ છે.સ્ત્રી હોવું જ એક તાકાત છે અને આ સ્ત્રીશક્તિના ઉપયોગ સારુ કેવો માહોલ બનાવે છે તેની ઉપર જ સમાજની પ્રગતિ આધારિત છે. અને એટલે જ અમો કહીએ છીએ કે સમાનતા પૂરતી નથી.

આ પુસ્તિકા એક ઝલક દર્શાવે છે કે ઇસ્લામના ઉદાહરણીય અને વહેવારુ માર્ગદર્શન હેઠળ એક સ્ત્રી કઈ રીતે સમાજમાં એક બજારૂ ચીજ કે કામોત્તેજક પદાર્થ ન બનતાં આદરણીય હિસ્સેદાર બની શકે છે. ઇસ્લામનો પૂર્વગ્રહ વગરનો, કુરાન અને પયગંબર સાહેબની જીવની(કથનો અને કાર્યો)ના પ્રકાશમાં ઊંડાણપૂર્વકનો અભ્યાસ, આજના જમાનામાં સ્ત્રી જે અત્યાચાર અને પ્રશ્નોનો સામનો કરી રહી છે તેના ઉકેલમાં મદદરૂપ થઈ શકે છે. ન્યાયના પરિપ્રેક્ષમાં જીવન જીવવાની પદ્ધતિ જે ઇસ્લામે દર્શાવી છે તે કોઈ મુસલમાનોની એકલાની ખાનગી જાગીર નથી. તે બધી જ સૂચનાઓ અને પ્રબંધો જે વિશ્વવ્યાપી છે અને માનવની પ્રકૃતિ સાથે તાલમેલ રાખે છે તેને સમાવે છે અને જે કોઈપણ દ્વારા, ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિમાં, ઉપયોગમાં લઈ શકાય છે. સર્વવ્યાપી અલ્લાહની મદદ મળી રહો ... (પૂર્ણ) •••